જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૩/૨૦૧૬ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી ૫૭૦ લીટર દેશી દારૂ, ૧૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૩ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિઓને ઝડપી રુપિયા ૭૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૫૯૯/૧૬**

**આનંદનગરઃ** પ્રકાશ સોહનલાલ રામાવત (રહે. સન રિપલ હોમ જીએસટી ફાટક ન્યુ રાણીપ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૪/૧૫ થી તા.૩૦/૩/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સતિષ રાજકુમાર શર્મા અને (૨) વિક્રમજીતસિંગ ઉર્ફે દીપુ ઉર્ફે વિકી (જેમના પુરા નામ સરનામાની કહબર નથી) એ ભેગા મળી આનંદનગર ટાઈટેનિયમ સીટી સેન્ટર ૧૦૦ ફુટ રીંગ રોડ ન્યુ વર્લ્ડ વાઈન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નામની ઓફીસ ખાતે કેનેડા મોકલવા માટે રૂપિયા ૨,૫૦,૦૦૦/- પ્રકાશ રામાવત પાસેથી મેળવી લઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી બી રાણા ચલાવે છે.

**ખોખરાઃ** મનિષ જયંતિલાલ પટેલ (રહે.શ્રીનાથજી એપાર્ટમેન્ટ નિર્મળ બંગલોઝ પાસે સી.ટી.એમ રામોલ) એ તા.૩૦/૩/૧૬ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૩/૧૬ થી આઠ માસ પહેલા આરોપી શૈલેષ બારોટ થરાદવાળા (જેનુ સરનામુ જાણવા મળેલ નથી) મનિષભાઈને વિશ્વાસમાં લઈ મનિષભાઈની મારૂતિ સ્વિફ્ટ ગાડી નંબર જીજે ૨૭ કે ૭૭૭૫ રૂપિયા ૪,૦૦,૦૦૦/- લઈ જઈ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી જે દેસાઈ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૦૦/૧૬**

**પાલડીઃ** હરીશભાઈ સોમાભાઈ પુંજારા (રહે.ગુજરાત સોસાયટી રેડ ક્રોસ બ્લડ બેન્કની બાજુમાં સુવિધા શોપીંગ સેન્ટર પાસે પાલડી) એ તા.૩૦/૩/૧૬ નારોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુન ૨૦૧૫ થી તા.૯/૧/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન હરીશભાઈ પુંજારાના ઘરમાં કામ કરતા આરોપી ચિત્રા રાણા (જેના પુરા નામ સરનામાની ખબર નથી) હરીશભાઈના પત્નીના રૂમમાંથી ડાયમંડ જડીત સોનાનો હાર કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને મોબાઈલ ફોન ચોરી કરી લઇ નાસી ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે વી રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**રિવરફ્રંટ વેસ્ટઃ (૧)** ચંદ્રકાંત ગોવિંદભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે.રસુલ કડીયાની ચાલી, કેલીકો મીલની સામે, અમૃતનગર સોસાયટી સામે) એ કોઇ અગમ્ય કારણસર તા.૩૦/૩/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે વાસણા બેરેજ પોઇન્ટ નંબર ૪ નજીક, સાબરમતી નદીનાં પશ્ચીમ છેડે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે

**(૨)** કિરણભાઇ ભીખાભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે.ઉમા ટેનામેન્ટ, ચાંદલોડીયા) એ કોઇ અગમ્ય કારણસર તા.૩૦/૩/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોઇન્ટ નંબર ૩ નજીક, સાબરમતી નદીનાં પશ્ચીમ છેડે નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)